ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# વાયબ્રન્ટ સમિટની ૭મી એડિશનના બ્રોશરને 'ઈન્ટરનેશનલ લૂક' મળ્યો

## બાય ઈલેક્શનથી ચાર્જ થયેલી કોંગ્રેસ સ્થાનિક ચૂંટણીમાં શ્વાસ લઈ શકશે

વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટની સાતમી એડિશન સંપૂર્ણપણે બદલાઈ ચૂકી છે. આ સમિટના ઈન્વિટેશન કાર્ડમાં એમ્પારીગ ઈન્ડિયાનો લૂક આપવામાં આવ્યો છે. આ સમિટના કન્ટ્રી પાર્ટનર તરીકે ઓસ્ટ્રેલિયા, કેનેડા, જાપાન, નેધરલેન્ડ, સિંગાપુર, સાઉથ આફ્રિકા અને યુકે જોડાયા છે. કાર્ડમાં ટોચ ઉપર નરેન્દ્ર મોદીનો સંદેશો છે. ત્રીજાપાને ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ ડિગ્નિટરીઝને ઈન્વાઈટ કરે છે. તેમનું સૂત્ર છે કે - વેલકમ ગુજરાત, લેન્ડ ઓફ અનલિમિટેડ ઓપર્ચ્યુનિટી. તેમની સરકારના ત્રણ સૂત્ર છે- ટ્રેડ વિથ ટ્રેડિશન, કોમર્સ વિથ કલ્ચર અને ગ્રોથ વિધ ગવર્નન્સ. ૨૦ પાનાના ઈન્વિટેશનમાં અત્યાર સુધીની છ વાયબ્રન્ટ સમિટના લેખાજોખાં આપવામાં આવ્યા છે અને ૨૦૧૫માં શું કરવાનું છે તેની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી છે. ટૂંકમાં કહી એ તો ૧૨૫ કન્ટ્રી, ૨૫ સેક્ટર નેફાઈલ્સ, ૨૦૦૦થી વધુ કંપની અને ૨૫૦૦ જેટલા ઈન્ટરનેશનલ ડિલીગેટ્સ...

### વિચારો, ગુજરાત ટુરિઝમના મહિલા બ્રાન્ડ એમ્બેસેડર કોણ બની શકે

### નાનો વ્યક્તિ રિક્વેસ્ટ કરે, તે મોટો થાય ત્યારે સામેથી રિક્વેસ્ટ આવે

### ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

**ગિફ્ટ સિટીમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર બનશે ...**

ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં ન્યૂયોર્ક જેવું વર્લ્ડ ટ્રેડ સેન્ટર બનશે. યુએસએ સ્થિત એસોસિયેશનને આ હેતુ માટે એપોઈન્ટમેન્ટ લેટર આપવામાં આવ્યો છે. આ એસોસિયેશન વર્લ્ડ ટ્રેડ સેન્ટર બાંધવા માટે ૬૦૦ કરોડનો ખર્ચ કરશે. આ સેન્ટરમાં લોકલ કંપનીઓ આયાત-નિકાસમાં ઈન્ટરનેશનલ કક્ષાએ ટ્રેડીગ તેમજ નેટવર્કિંગ કરી શકશે. એસોસિયેશને ખાત્રી આપી છે કે તે ત્રણ વર્ષના ગાળામાં આ સેન્ટરને ખુલ્લુ મૂકી શકે છે. ગ્લોબલ ટ્રેડ માટે આ સેન્ટર ઈકો સિસ્ટમ ડેવલપ કરશે. દેશભરના ૩૪૩ લોકેશનને આવરી લેતા આ વૈશ્વિક સેન્ટરથી નાની અને મધ્યમ કંપનીઓને ફાયનાન્સિયલ અને એલાઈડ સર્વિસિઝ પ્રાપ્ત થશે...

**હવે મહિલા બ્રાન્ડ એમ્બેસેડર શોધવા પડશે ...**

ગુજરાતમાં પ્રવાસનના વિકાસ માટે બ્રાન્ડ એમ્બેસેડર બનેલા ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચનના ખુશ્બુ ગુજરાત કી..ના તમામ એપિસોડ પૂર્ણ થયા છે. તેમની સાથે થયેલા કરાર પૂર્ણ થયા છે અને એટલે જ પ્રવાસનના અગ્રસચિવ વિપુલ મિત્રા પણ બદલાઈ ચૂક્યા છે. હવે જો ગુજરાતના પ્રવાસનને વિશ્વકક્ષાએ લઈ જવું હશે તો મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે મહિલાને શોધવા પડશે. જો ગુજરાત સરકાર આવો કોઈ નિર્ણય કરે તો બ્રાન્ડ અમ્બેસેડર કોણ હોઈ શકે ! સચિવાલયમાં ચાલતી ચર્ચા પ્રમાણે





● અનુસંધાન પાન-૭ પર

# એસ.ટી. ડેપોની કેન્ટીનને છેલ્લા બે મહીનાથી તાળુ!

## ટેન્ડર પ્રક્રીયાના અંતે પણ નવી એજન્સીને ભાડા પેટે ફાળવવામાં વિલંબ

ગાંધીનગર, તા.૨૦

શહેરના મધ્ય વિસ્તારમાં સ્થિત એસ.ટી.ડેપોમાં છેલ્લા બે મહીનાથી કેન્ટીનને તાળુ મારી દેવાયું છે. ભાડુ ન ચુકવતા એસ.ટી.તંત્ર દ્વારા અગાઉ કેન્ટીન બંધ કરી દેવાઈ હતી પરંતુ લાંબા સમયના અંતે પણ નવી એજન્સીને કેન્ટીનો કોન્ટ્રાકટ ન સોંપાતા મુસાફરોને હાલાકી ભોગવવી પડે છે.

ગાંધીનગર એસ.ટી.ડેપોમાં મુસાફરોને ચા નાસ્તાની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે કેન્ટીનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. જયારે છેલ્લા ઘણા વર્ષોથી કેન્ટીનનો કોન્ટ્રાકટ માત્ર એક જ એજન્સી પાસે હતો પરંતુ બે મહિના પૂર્વે કેન્ટીનના સંચાલક દ્વારા ડેપોને નિયત ભાડુ ન ચુકવાતા એસ.ટી. તંત્ર દ્વારા કેન્ટીનને તાળુ મારી દેવાયું હતું. જયારે કેન્ટીનનો હવાલો નવી એજન્સીને સોંપવા ડીવીઝનલ કચેરી કક્ષાએથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયના અંતે પણ કોઈ એજન્સીને કેન્ટીનના ભાડા પેટે ન સોંપાતા હાલ બંધ હાલતમાં છે. ડેપો સંકુલમાં રોજબરોજ સેંકડો મુસાફરોની અવર જવર જોવા મળે છે. આવા સંજોગોમાં છેલ્લા બે મહીનાથી કેન્ટીનને તાળુ વાગેલું રહેતા નાગરિકોએ ચા નાસ્તા સહીતની સુવિધાઓ માટે બહાર સુધી લાંબા થવું પડે છે. જો કે ડેપો સૂત્રોના જણાવ્યા મુજબ ટૂંકમાં કેન્ટીનને ભાડા પેટે ફાળવી દેવાશે.



ગાંધીનગર સે-૨૧ ખાતે આજથી નવરાત્રિ મેળાનો શુભારંભ થયો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે યોજાયેલ આ મેળાને આજે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીના પટેલે ખુલ્લો મુકયો હતો. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ જિલ્લાના અને મહાનગરપાલિકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ૨૦થી પણ વધુ સ્ટોલ્સ આ મેળામાં રાખવામાં આવ્યા છે.

# ગરબા ખૈલેયા જોડીનો ડ્રેસ રૂપિયા ૬૦,૦૦૦માં તૈયાર થયો

ગાંધીનગર, તા.૨૧

નગરમાં નવરાત્રિના આગમનની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે ગરબા શોખીન ખેલૈયાઓ તેમની તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવા લાગ્યા છે. વિવિધ પ્રકારના કેડિયા અને ચળિયા ચોળી, માથે બાંધવાના રૂમાલ અને પાઘડીઓ, ફેંટા અને ટોપીઓ, છત્રીઓ, હાથે પહેરવાના બલૈયા અને કડાં, પગના ઝાંઝર અને મોજડીઓ, કેડે



લટકાવવાના ફૂમતાં અને ઝુમખાંઓ વગેરે દરેક ચીજવસ્તુઓનું ઝીણવટભર્યું આયોજન કર્યું હોય છે તેનો હવે ટ્રાયલ લઈ તેને ફાઈનલ કરવાનો સમય ચાલી રહ્યો છે.

**નવરાત્રિ કાઉન્ટ-ડાઉન**

નગરના તમામ ખેલૈયાઓ દ્વારા હવે નવરાત્રિના ડ્રેસીસ સાથે આખરી પ્રેકટીસ હાથ ધરવામાં આવી છે. નગરના સેકટર-૧૬માં આવેલ મલ્હાર ગ્રૃપના સભ્યોએ જાતે કચ્છમાં જઈને તેમના કચ્છી ડ્રેસ માટેનું મટીરીયલ્સ ખરીદી લાવ્યા હતા તેઓ ભૂજ પાસે આવેલ ખાવડા અને ભૂજવડી જેવા અંતરિયાળ ગામોમાં રખડીને પેચવર્ક



(તસવીર : કશ્યપ નિમાવત)

માટેનું મટીરીયલ્સ ખરીદી લાવ્યા હતાં. આ મટીરીયલ્સમાં વિવિધ પ્રકારના દોરી અને મોતીઓનો સમાવેશ થાય છે. કચ્છમાં આ પ્રકારના વર્કનું ખૂબ ચલણ છે અને તેના કારણે તેનો સામાન પણ ખૂબ મોંઘો મળે છે. આ પ્રકારનુંવર્ક ધરાવતી એક ચાદર તૈયાર કરવામાં કચ્છી મહિલાઓને એક વર્ષ લાગી જાય છે. આવા અનેક પ્રયાસો દ્વારા તેમણે ગ્રુપના કેડિયાં અને ચણિયાચોળી તૈયાર કરાવ્યા છે જેમાં કુલ મળીને રૂપિયા બે લાખથી વધુનો ખર્ચ થયો છે. આ ડ્રેસમાં લીલા કેડિયા સાથે આખા સેટનું વજન ૧૨ કિલો જેટલું અને ચણિયાચોળી સાથે મહિલા ખેલૈયાના આખા ડ્રેસનું વજન લગભગ ૧૫ કિલો જેટલું થવા જાય છે. મટીરીયલ્સ લાવ્યા બાદ તેને અહીં જાતે ડિઝાઈન પસંદ કરીને સીવડાવવામાં આવ્યા છે. આ લીલા કલરના ખેલૈયાની જોડીનો ખર્ચ રૂપિયા ૬૦ હજાર જેટલો થવા પામ્યો છે. આમ ગાંધીનગરના ખેલૈયાઓ ગરબાની તૈયારીઓ તન-મન-ધનથી કરી રહ્યાં છે તેની સ્પષ્ટ પ્રતિતિ થઈ રહી છે.

# ટાઉનહોલમાં ત્રણ દાયકા બાદ કેન્ટીન શરૂ થઈ શકી નથી...!!

## ટાઉનહોલ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી કેન્ટીન માટે જગ્યા ફાળવવામાં આવી છે પરંતુ કેન્ટીનનું ઠેકાણું પડતું નથી

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી અસ્તિત્વ ધરાવતા ટાઉનહોલની હાલત દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે. બીજી તરફ ટાઉનહોલના આયોજનના અંતે કેન્ટીન માટે ફાળવવામાં આવેલી જગ્યા પણ ઉપયોગમાં લેવાઈ નથી. દાયકાઓના અંતે પણ ટાઉનહોલમાં કેન્ટીન શરૂ થઈ શકી નથી. ટાઉનહોલના રીનોવેશન દરમિયાન કેન્ટીનની વ્યવસ્થા પણ કાર્યરત થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

કલાકારોને સ્ટેજ પુરું પાડવા

● અનુસંધાન પાન-૭ પર

PROMOTED TO GLORY



Our beloved mother,
Mrs. Aleyamma Mathew
is promoted to Glory on 21-9-2014,
FUNERAL CEREMONY at
Indian Pentecostal Church
Sector-21, Gandhinagar
on
23-9-2014, At : 10-00 A.M.
By Sorrowing Family Members
VARGHESE MATHEW and Family (Son)
SUSAN ZACHARIA and Family (Daughter)

# ગુજરાતી ફિલ્મની હિન્દીમાં રીમેક બને એવા દિવસો દૂર નથી : અભિષેક જૈન

**ખાસ મુલાકાત**

- અજય ઉપાધ્યાય

બાબતો ખુબ જોવા મળી છે -ખાસ કરીને યુવાનોમાં. આ બધું બહુ જ ખૂંચતું હતું એટલે કોઈક રીતે વાર્તામાં વણીને કહેવાની ઈચ્છા હતી એટલે એમાંથી રોપાયું બે યારનું બીજ જેમાં આર્ટની વાતને માધ્યમ બનાવ્યું કે જેથી લોકો સુધી આ બદલાવ અને એના ગેરફાયદાની વાત પહોચાડી શકાય.

**મનોજ જોશી , દર્શન જરીવાલા જેવા બોલીવુડના દીગજ્જોને કાસ્ટ અને કન્વીન્સ કેવી રીતે કર્યા ? તેમની સાથે કામ કરવાનો અનુભવ**

સારા કલાકારોની એ ખાસિયત હોય છે કે સારી સ્કીપ્ટ મળે એટલે બાકીનું એમને માટે ગૌણ બની જાય છે . અમારી પાસે પાક્કા પાયે સ્કીપ્ટ તૈયાર હતી જેને લઈને અમે સમ્પર્ક કર્યો કે તરત જ એમણે હા પાડી. આ બધા ઉત્તામ કલાકારો સાથે કામ કરવાનો અનુભવ પણ ઉત્તામ જ રહ્યો કેમકે બેઝીકલી તેઓ દિગ્દર્શકને માન આપે છે, દિગ્દર્શક સાથે સહમત હોય છે અને જો સહમત નાં હોય તો ચર્ચા કરી જાણે છે પણ અંતે તો દિગ્દર્શકના વિજન પ્રમાણે જ કામ કરે છે. બે યારના સેટ પર ઘણી વખતે હું કન્વીન્સ કરી લેતો હતો અથવા ઘણી વખત કન્વીન્સ થઈ જતો હતો. પણ સરવાળે આવા ઉમદા કલાકારો સાથે કામ કરવાની બહુ મજા પડી.

**બેયાર ના મેકિંગ વિષે કઈ જણાવો ? કોઈ સરકારી મદદ ?**

પોસ્ટ પ્રોડકશનમાં ૬ મહિના અને પ્રી-પ્રોડક્શનમાં ૯ મહિના જેવા સમય લાગવાની સાથે સાથે બે યાર કુલ ૩૫ દિવસના શુટિંગ શેડ્યુલમાં જ પૂરી કરી લેવામાં આવી છે. અમદાવાદના અનેક જાણીતા લોકેશનો સહીત કુલ ૫૩ લોકેશન પર શુટિંગ કર્યું છે જેમાં ગુજરાતી ફિલ્મોમાં પહેલીવાર પેરીસમાં કરેલા શુટિંગનો સમાવેશ પણ થાય છે. ફિલ્મની પૂરી ફાઈનાન્સિંગ જવાબદારી અમારી કમ્પની સીનેમેન પ્રોડક્શને જ ઉઠાવેલી પણ હા સરકાર તરફથી ટેક્ષ-ફ્રીની મદદ ચોક્કસ મળી .







**શુટિંગના રસપ્રદ અનુભવો / કોઈ યાદગાર પ્રસંગ**

આમ તો આખી ફિલ્મ યાદગાર છે પણ ફિલ્મના એક દ્રશ્યમાં ફિલ્મના બે પાત્રો એક વિદેશીને કન્વીન્સ કરાવવાની કોશિશ કરે છે એ દ્રશ્યનું ફિલ્માંકન સૌથી યાદગાર છે કારણકે એક તો બંને પાત્રોને ફ્રેંચ કે અંગ્રેજી આવડતી નથી જયારે પેલો ફ્રેંચ માણસ ગુજરાતી સમજતો નથી, બન્ને પાત્રોએ ફકત હાવભાવથી જ આખી વાત સમજાવવી રહી. સીન લખતી વખતે જ આનું ફિલ્માંકન મુશ્કેલ થવાનું છે એ સમજાઈ ગયેલું છતાય મારી ઈચ્છા હતી કે આખો સીન એક જ શોટ માં ઓકે કરવો અને એ પણ એક સ્ટેડી કેમેરા વડે. મતલબ કે ૩૫ કિલોનો કેમેરો એક માણસ હાથમાં પકડીને લગભગ ૫ મિનીટ સુધી સતત શૂટ કર્યા કરે. શૂટ તો શરુ કર્યુ પણ આખો શોટ પૂરો કરતા કરતા એક, બે નહિ પણ પુરા ૨૧ ટેક

● અનુસંધાન પાન-૭ પર





પનઘટની અભિવ્યક્તિ - ગાંધીનગરની જાણીતી કલાસંસ્થા પનઘટ કલા કેન્દ્રના કલાકારો દ્વારા ચીનના રાષ્ટ્રપ્રમુખની મુલાકાત સમયે ગુજરાતી અસ્મિતા સમો પ્રાચીન ગરબો રજૂ કરી સૌની પ્રસંશા પ્રાપ્ત કરી હતી. જ્યારે નવરાત્રી દરમિયાન દૂરદર્શન પર રજૂ થનાર ગરબા શ્રેણીમાં પનઘટના કલાકારોની કૃતિ પ્રસારિત થશે. સમગ્ર કૃતિઓની કોરીયોગ્રાફી માટે ભાવીન પટેલે જ્યારે સંગીત નિયોજન માટે બલવંત સિદ્ધાએ ભારે જહેમત ઉઠાવી હતી.

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૦૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com